ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૭-૭-૨૦૨૧, બુધવાર




# વરસાદની આશા : ઉત્તર ગુજરાતમાં જૂનની વરસાદી ખાદ્ય જુલાઈ માસમાં પૂરી થવાની આશા

## બંગાળની ખાડીમાં લો-પ્રેશરની શક્યતા, આજથી કેટલાક વિસ્તારોમાં વરસાદની આગાહી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

ઉત્તર ગુજરાતમાં વરસાદના દુકાળથી ખરીફ વાવેતર નિષ્ફળ જવાનો ભય હાવિ થયો છે. સરકાર દ્વારા ખેડૂતોને ખેતી વિષયક વિજ પુરવઠો વધુ આપવા સિંચાઈ માટે પાણી છોડવાની માંગ થઈ રહી છે. આ બધા વચ્ચે ખેડૂતો માટે આનંદદાયક સમાચાર સામે આવ્યા છે. બંગાળની ખાડીમાં લો-પ્રેશરની શક્યતા છે. ચોમાસુ ફરી સક્રીય થઈ શકે છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં આજથી વરસાદની સંભાવના છે. ઉત્તર ગુજરાતમાં પણ કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસી શકે છે અને ધારણા પ્રમાણે ચોમાસુ એક્ટીવ થશે તો ઉત્તર ગુજરાતમાં જૂનની વરસાદી ખાદ્ય જુલાઈ મહિનામાં પૂરી થવાની આશા છે.

નૈઋત્ય ચોમાસુ ઘોંચમાં પડતાં સરકાર અને ખેડૂતોની ચિંતા વધી છે. ઉત્તર ગુજરાતમાં પાછલા વર્ષોમાં ખેડૂતોને સિંચાઈ માટે વધુ લાભ મળે તેવા પ્રયાસો એકંદરે સફળ રહ્યા છે. સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ તેમજ અન્ય જળાશયોમાંથી ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળી રહે તેવી વ્યવસ્થા છે. ગત વર્ષે સારા વરસાદના કારણે અનેક જળાશયોમાં પાણીનો એકંદરે સારો જથ્થો હોવાથી વરસાદ ખેંચાય તો એકાદ પાણીનો સિંચાઈ માટે લાભ ખેડૂતોને મળી શકે છે. ત્યારે મે. અને જૂન મહિનામાં વાવણીલાયક વરસાદ પછી સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં લાખો ખેડૂતોએ વાવણી કાર્યનો આરંભ કર્યો. પરંતુ જૂનના મધ્ય ભાગ પછી વરસાદ અદ્રશ્ય થયો. ભરચોમાસે આકાશમાંથી ધોધમાર વરસાદ વરસવાના બદલે આગના ગોળા વરસવા લાગ્યા જેના કારણે ધરતીપુત્રો ચિંતિત બની ગયા. રાજ્યના હવામાન વિભાગે પણ ચોમાસુ ખોટકાયાનું જાહેર કર્યું અને જુલાઈના બીજા સપ્તાહ પછી ચોમાસુ સક્રીય થવાની સંભાવના વ્યક્ત કરી તે જોતાં ખેડૂતો માટે બિયારણ બચાવવાનો યજ્ઞ પ્રશ્ન ઉભો થયો હતો. આકાશી ખેતી ઉપર નભતા ખેડૂતો પાયમાલ થવાની દહેશતમાં છે ત્યારે બંગાળની ખાડીમાં જે લો-પ્રેશર સર્જાવવા જઈ રહ્યું છે તે ગુજરાત સહિત ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે આશાનું કિરણ બન્યું છે. બધું હેમખેમ પસાર થાય તો ઉત્તર ગુજરાતમાં આવનારા દિવસોમાં ધોધમાર વરસાદ વરસશે અને જૂન મહિનાની વરસાદની ખાદ્ય વર્તમાન મહિનામાં સરભર થઈ જાય તેવી આશા છે. રાજસ્થાન અને તેના આસપાસના વિસ્તારોમાં સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ છે. જેથી આગામી ૩ દિવસ માટે રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસવાની સંભાવના છે. ઉત્તર ગુજરાતમાં વરસાદ વરસશે તો મૂંરઝાતી ખેતીને જીવતદાન મળી શકે છે.





### વરસાદની અછત : ખેડૂતોને આજથી સિંચાઈ માટે વધુ ૨ કલાક વીજળી

બાયડ : રાજ્યમાં વરસાદ ખેંચાયો છે. ખરીફ વાવેતર સૂકાઈ રહ્યું છે ત્યારે રાજ્ય સરકારે ખેડૂતોને આજે તા.૭ જુલાઈથી વિજ પુરવઠો વધુ ૨ કલાક માટે આપવાનો નિર્ણય કર્યો છે અત્યાર સુધી ખેડૂતોને ૮ કલાક ખેતી વિષયક વિજ પુરવઠો મળતો હતો જે વધારીને ૧૦ કલાક કરવામાં આવ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક ખેડૂત સંગઠનોએ વરસાદ ખેંચાતાં વિજ પુરવઠો વધારવા માટે માંગણી કરી હતી. આખરે ખેડૂતોની સ્થિતિને ધ્યાને રાખી મુખ્ય મંત્રી દ્વારા વધુ ૨ કલાક વિજ પુરવઠો આપવાની જાહેરાત થતાં ખેડૂતોમાં ખુશાલી જોવા મળી છે.

# અરવલ્લી જિલ્લામાં તહેવારો પૂર્વે મોંઘવારી બેકાબુ : ખાદ્યતેલના ભાવમાં ફરી વધારો

## તહેવારોનો ઉત્સાહ ફિક્કો બનવાના અણસાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વધતી જતી મોંઘવારીથી હજારો પરિવારોના ઘરનાં બજેટ ખોરવાયાં છે. રોજીંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી ચીજવસ્તુઓમાં ન છૂટકે કાપ મૂકવો પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. જિલ્લામાં ૧૫ દિવસ સુધી ખાદ્યતેલના ભાવ સ્થિર રહ્યા પછી કપાસીયા અને સીંગતેલના ભાવમાં ફરીથી વધારો થયો છે. સાતમ-આઠમના તહેવારો નજીક છે ત્યારે ખાદ્યતેલ ફરી ભડકે બળવા લાગતાં તહેવારોનો ઉત્સાહ ફિક્કો બનવાના અણસાર છે.



કોરોનાએ દરેક પરિવારોની આર્થિક સ્થિતિને તહસ નહસ કરી નાખી છે. તેમાંય જીવન જરૂરીયાત ચીજવસ્તુઓના ભાવ વધારાથી ઘરનું બજેટ ખોરવાયું છે. પેટ્રોલ-ડીઝલ, દૂધ પછી હવે ખાદ્યતેલના ભાવ ફરી વધ્યા છે. આવકમાં ઘટાડો અને ખર્ચ વધતો જતાં સામાન્ય પરિવારો કફોડી સ્થિતિમાં મૂકાયા છે. ખાદ્યતેલના ભાવ થોડાક સમય માટે સ્થિર રહેતાં જિલ્લામાં ગૃહીણીઓએ ખાસ્સી રાહત અનુભવી હતી. બેકાબુ બનતી જતી મોંઘવારીમાં સીંગતેલ અને કપાસીયા તેલના ભાવ નીચા જતાં સૌ કોઈએ હાશકારો અનુભવ્યો પરંતુ ૧૫ દિવસ આ ખુશી રહ્યા પછી હવે ફરીથી ભાવ વધ્યા છે જેમાં સીંગતેલના ડબ્બે રૂ.૩૫ અને કપાસીયા તેલમાં રૂ.૪૦નો ભાવ વધારો થતાં તહેવારો પૂર્વે તેલ ઉકળવા લાગ્યું હોય તેવું લાગી રહ્યું છે. હાલની સ્થિતિએ સીંગતેલનો ભાવ ૧૫ કીલોના ડબાનો રૂ.૨૮૭૦ અને કપાસીયા તેલનો ડબો રૂ.૨૪૦૦ સુધી પહોંચી ગયો છે. ટૂંકમાં આગામી સમયમાં આવનારા તહેવારો દરમ્યાન મોંઘવારી ઘટવાના કોઈ અણસાર હાલ દેખાતા નથી. ખાદ્ય તેલમાં ભાવ વધ્યા પછી ફરસાણના ભાવ ઉંચકાવવાની દહેશત વધી છે. તેલના ભાવ સ્થિર રહ્યા પછી વધ્યા છે તેની પાછળ માંગ કરતાં ઉત્પાદન ઓછું હોવાનું વેપારીઓ બોલી રહ્યા છે. તેલની કિંમત મોટાભાગે આંતરરાષ્ટ્રીય બજાર ઉપર નિર્ભર રહેતી હોય છે જેથી વર્ષના અંત સુધીમાં સીંગતેલના ડબાના ભાવ રૂ.૩૦૦૦ સુધી પહોંચી શકે છે.

# નવી ઉપાધી : બાયડ તાલુકામાં ચીકનગુનિયાના કેસ નોંધાયા... પશ્ચિમગાળો પ્રભાવિત

## ચીકનગુનિયાનો રોગચાળો વકરે તો આરોગ્ય વિભાગ માટે કપરી સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

બાયડ તાલુકામાં કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી હવે નવી ઉપાધીએ જન્મ લીધો છે. ચીકનગુનિયાના ૧૫ થી વધુ કેસ નોંધાતાં પ્રજામાં ફફડાટ ફેલાયો છે. એક દશકા અગાઉ ચીકનગુનિયામાં પટકાયેલા અનેક દર્દીઓ આજે પણ અનેક પ્રકારની પીડા અનુભવી રહ્યા છે ત્યાં રોગના ફરી ઉદયથી ચીકનગુનિયાનું નામ સાંભળતાં પ્રજા ફફડી રહી છે. બાયડ તાલુકાના પશ્ચિમગાળાના ઉંટરડા પંથકમાં સૌથી વધુ કેસ નોંધાયા છે તે પૈકી ૪ દર્દી બાયડની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધાનું જાણવા મળ્યું છે.

મોંઘવારી વધી રહી છે, રોગચાળો વધી રહ્યો છે, આર્થિક મંદી વધી રહી છે. આવા સમયે કોરોનાના કારણે હજારો પરિવારો પાયમાલ થઈ ગયા છે. બાયડ તાલુકામાં કોરોનાના કારણે છેલ્લા ૧૫ મહિનામાં ૩ ડૉક્ટર સહિત ૭૦થી વધુ લોકોના મોત નિપજ્યા છે. સ્વજનો ગુમાવ્યાની વ્યથામાંથી અનેક પરિવારો હજુ પણ બહાર આવી શક્યા નથી. છેલ્લા દોઢ પખવાડીયાથી કોરોનાનું સંક્રમણ ઘટતાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર કરતી હોસ્પિટલોમાં શાંતિ જોવા મળી. ખડે પગે રહેતા ડૉક્ટરો અને સ્ટાફ પણ રાહત અનુભવી રહ્યો છે ત્યારે એકાએક બાયડ તાલુકામાં ચીકનગુનિયાના રોગચાળાએ દેખા દેતાં પ્રજા અને ડૉક્ટરો પણ ચિંતિત બન્યા છે. ચીકનગુનિયાના રોગને સપડાતાં દર્દીને હાથ-પગના સાંધા ઝકળાઈ જાય છે ત્યારબાદ ઉભા થવામાં તકલીફ અનો ત્યાર પછી સાંધામાં અસહ્ય પીડા થતી હોવાથી પેઈનકીલર દવા લે તો જ ગણતરીના કલાક માટે રાહત થાય પરંતુ વધુ પડતી પેઈનકીલર કીડની ઉપર આડઅસર કરે તેવી સંભાવના વધુ છે. ઉંટરડાના કેટલાક વિસ્તારોમાં ઘર દીઠ ચીકનગુનિયાના કેસ નોંધાઈ રહ્યા છે.



# પૂર્વ સાંસદ, પૂર્વ ધારાસભ્યને આમંત્રણ ન અપાતાં ગ્રામજનોમાં રોષ

## રૂ.૩૪૨ લાખની સરકારી શાળા : કઉમાં શાળા શરૂ કરાવનારા શિલ્પીઓની બાદબાકીથી ગ્રામજનોમાં રોષ : ડી.ઈ.ઓ. કચેરીએ ગ્રામજનો સાથે મુલાકાત કરી નામ માંગ્યાં પરંતુ આમંત્રણ નહીં..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

રાજ્યના શિક્ષણ મંત્રીએ મોડાસા તાલુકાના કઉ ગામે રૂ.૩૪૨ લાખના ખર્ચે નવનિર્મિત સરકારી તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાનું લોકાર્પણ કર્યું પરંતુ ગ્રામ્ય વિસ્તારના બક્ષીપંચ અને ગરીબ પરિવારના બાળકોને ઉચ્ચ શિક્ષણ મળે તે માટે પ્રયત્ન કરનાર પૂર્વ સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, મોડાસાના પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમારની આમંત્રણ પત્રિકામાંથી બાદબાકીથી ગ્રામજનો રોષે ભરાયા છે. અરવલ્લી ડી.ઈ.ઓ. કચેરીએ લોકાર્પણ અગાઉ ગ્રામજનો સાથે મુલાકાત કરી હતી અને કોને નિમંત્રણ આપવા તે બાબતે ચર્ચા કરી અને નામ માગ્યા જેમાં બંન્ને ભાજપના અગ્રણીઓના નામ આપવા છતાં તેમનો ઉલ્લેખ ન થતાં લોકાર્પણ જ વિવાદમાં આવી ગયું છે.

વિકાસના કામો પૂરા કરવામાં વર્ષો વીતી જાય છે. પૂર્વ સાંસદ ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણે તેમના કાર્યકાળ દરમ્યાન જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કરેલા વિકાસના કામોની ગુંજ આજે પણ સાંભળવા મળે છે. વાત એવી છે કે મોડાસા તાલુકાના કઉ ગામમાં ઉચ્ચ શિક્ષણ માટે વ્યવસ્થા ન હતી. વર્ષ-૨૦૧૧ માં ગામમાં શાળા શરૂ થાય તે માટે પ્રયત્ન શરૂ કરાયા તે વખતના સાંસદ ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ અને મોડાસાના ભાજપના ધારાસભ્ય દિલીપસિંહ પરમારે તનતોડ પ્રયાસ કરી સરકારી તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાના પ્રયાસો આરંભ્યા. રૂક સમય એવો હતો કે મંજૂરી માટે રૂ.૨૫,૦૦૦ની ફી પણ ન હતી ત્યારે પૂર્વ સાંસદ દિલ્હી જઈ રહ્યા હતા અને આ અંગેનો ફોન આવ્યો તો તે અંગે તેમને શક્ય એટલી મદદ કરી અને બંન્નેના પ્રયાસથી ગામમાં રૂ.૩૪૨ લાખના ખર્ચે ઉચ્ચત્તર માધ્યમિક શાળા એક દાયકામાં નિર્માણ પામી અને તેનું ૩ દિવસ અગાઉ લોકાર્પણ થયું. પરંતુ આ બંન્ને મહાનુભાવોને ભૂલાતાં ગ્રામજનોમાં પ્રચંડ રોષ જોવા મળ્યો. જો કે આ લોકરોષ શિક્ષણમંત્રીની નજરે ન ચઢે તેનો પૂરતો પ્રયાસ થયો. શિક્ષણમંત્રીએ પણ આ બાબતે યોગ્ય તપાસ કરવી જોઈએ.

# દેરોલીમાં જમીન હડપ કરવાની પેરવી સાથે ખેડૂતને મારી નાખવાની ધમકી

## કોર્ટમાં કેસ જીત્યા છતાં ખેડૂતને ખેતરમાં પ્રવેશવા ઉપર રોક લગાવી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

બાયડ તાલુકાના દેરોલીમાં ખેડૂત ધનાભાઈના પરિવારની માલિકીની જમીન હડપ કરવાની પેરવી સાથે ખેડૂતને મારી નાખવાની ધમકી અપાતાં ચકચાર મચી છે. ખેડૂત પરિવારો વર્ષ-૨૦૧૭માં જમીન અંગેનો કેસ તેમના પક્ષે આવ્યો હોવા છતાં તિરગર પરિવારના સભ્યોએ જમીન ઉપર ગેરકાયદે હક્ક-દાવો કરી ખેતરમાં પ્રવેશવા ઉપર રોક લગાવતાં આ મુદ્દે ભડકો થવાની દહેશત વ્યક્ત થઈ છે.



ચોમાસાના આરંભ સાથે ખેડૂતોના અંદરો અંદરના ઝઘડા ચરમસીમાએ પહોંચ્યા છે. જમીન પચાવી પાડવાની ફરિયાદો વધતાં લેન્ડ રેકર્ડ હેઠળ તાત્કાલિક ગુનો નોંધવાની જોગવાઈ કરવામાં આવી છે. ૩૦ દિવસની અંદર પક્ષકારો અને જમીન ઉપર દબાણ કરનારાઓને સાંભળી વિધિવત રીતે ફરિયાદ દાખલ કરવા માટે સૂચનાઓ છતાં કેટલાક કિસ્સાઓમાં ખેડૂતોને ન્યાય માટે વલખાં મારવાં પડે છે. તાલુકાના દેરોલીમાં ધનાભાઈના માલિકીના ખેતરમાં તિરગર પરિવારના સભ્યોએ દબાણ કરી હક્કદાવો કર્યો હતો જેથી દલિત પરિવાર દ્વારા જમીન પરનું દબાણ દૂર કરવા માટે સેશન કોર્ટમાં ન્યાય માંગવામાં આવ્યો હતો જેમાં વર્ષ-૨૦૦૨ થી ૨૦૧૭ના સમયગાળા દરમ્યાન કોર્ટમાં થયેલ અરજ અંગે કોર્ટે પણ જમીનનો દાવો ખેડૂતના પક્ષમાં આપ્યો હોવા છતાં સદર જમીનનો હિસ્સો તિરગર પરિવારો છોડવા માટે તૈયાર નથી. તાજેતરમાં ખરીફ ખેતીની સીઝન શરૂ થતાં અરજદાર ખેડૂતો પોતાના હિસ્સાની જમીનમાં વાવેતર કરવા માટે ગયા તે સમયે તેમને ખેતરમાં પ્રવેશવા ઉપર રોક લગાવી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાની વિગતો બહાર આવી છે. ખેડૂતે પોતાને જમીનના ઝઘડામાં જીવનું જોખમ હોવાની દહેશત વ્યક્ત કરી છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા આ મુદ્દે ગંભીર બની ન્યાય આપવામાં નહીં આવે તો ગમે તે ઘડીએ બે ખેડૂત પરિવાર વચ્ચે ઘર્ષણ થવાની આશંકા છે.

### જમીન અંગે મારી નાખવાની ધમકીની કોઈ ફરિયાદ નથી : પોલીસ

બાયડ : બાયડ તાલુકાના દેરોલીમાં જમીન વિવાદના ઝઘડામાં ખેડૂતને મારી નાખવાની વિગતો સામે આવી છે ત્યારે બાયડ પોલીસનો સંપર્ક કરતાં આ અંગેની વિધિવત કોઈ ફરિયાદ પોલીસ સુધી આવી ન હોવાનું જણાવ્યું હતું.

# હિંમતનગરમાં વાહન ચોર બેખોફ : ધોળે દિવસે વાહનોની ઉઠાંતરી છતાં પોલીસ સુસ્તીમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

હિંમતનગરમાં વાહન ચોર બેખોફ બન્યા છે. ધોળે દિવસે શહેરના વિવિધ વિસ્તારોમાંથી વાહનો ચોરાઈ રહ્યાં છે પરંતુ પોલીસ સુસ્તીમાં સરી પડી છે. તાજેતરમાં બસ સ્ટેન્ડ વિસ્તારના એક કોમ્પ્લેક્ષમાં પાર્ક કરેલ બાઈક ઉઠાવી વાહન ચોર બિન્દાસ્ત રીતે રફુચક્કર થતો હોવાના સી.સી.ટીવી ફૂટેજ સામે આવ્યા પછી પણ પોલીસ વાહન ચોર સુધી પહોંચવામાં ખાંખોખોળા કરી રહી છે. વાહન ચોરીના ત્રાસથી કંટાળી કોમ્પલેક્ષમાં સિક્યુરીટી ગાર્ડ મૂકવામાં આવ્યા છે છતાં વાહન ચોરીના બનાવોમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.



સાબરકાંઠાના પાટનગર હિંમતનગરમાં વાહન ચોર ટોળકીએ પોલીસના નાકે દમ લાવી દીધો હોય તેવી સ્થિતિ છે. એકાદ વાહન ચોરીના કિસ્સામાં વાહન ચોર રંગે હાથે ઝડપાય એટલે પોલીસ વાહવાહી મેળવવાની એકપણ તક જતી કરતી નથી પરંતુ હિંમતનગરના વિવિધ વિસ્તારોમાં ધોળે દિવસે હવે વાહનો અસલામત બનવા લાગ્યાં છે. ખાસ કરીને મોટા કોમ્પલેક્ષ તેમજ હોસ્પિટલો આગળ પાર્ક થતાં વાહનોની ઉઠાંતરી આસાન બની છે. હિંમતનગરના આકાશ ગંગા કોમ્પલેક્ષના પાર્કીંગમાં કાટવાડ ગામના અનિકેત અશોકભાઈ પ્રજાપતિએ તેમનું બાઈક પાર્ક કર્યું હતું જે દરમ્યાન તા.૫ ના રોજ ધોળે દિવસે વાહન ચોરે પાર્કીંગ સ્થળેથી બાઈકની ઉઠાંતરી કરી હતી. બાઈક ઉઠાવી વાહન ચોર પલાયન થતો હોવાના દ્રશ્યો સી.સી.ટીવી ફૂટેજમાં કેદ થયા છે તેના ઉપરથી વાહન ચોર કેટલી હદે બેખોફ બન્યા છે તેનો ખ્યાલ આવી શકે છે. ટૂંકમાં વાહન ચોરીની ફરિયાદ નોંધવામાં પણ શરૂઆતમાં ગલ્લાં તલ્લાં પોલીસ દ્વારા કરવામાં આવ્યા પછી ફરિયાદ તો નોંધાય છે પરંતુ વાહન ચોર સુધી પહોંચવામાં શહેરની પોલીસ નિષ્ફળ રહેતી હોવાના કારણે હમણાંથી વાહન ચોરીના બનાવોમાં ઉત્તરોત્તર વધારો થવાથી વાહન માલિકોની ચિંતા વધી છે.